સ. મ. પ્રે. ગાં.—(એચ) ૫૨૭—૨,૦૦૦—૬-૮૨.

વળતર રજા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૮૨-૪૭૦૯-ધ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી જૂન, ૧૯૮૨.

**વંચાણમાં લીધો.**—સા. વ. વિ. નો પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૮૦-૧૪૬૬-ધ, તા. ૩૧મી માર્ચ, ૧૯૮૨.

## પ રિ પ ત્ર

જ્યારે કોઈપણ કર્મચારીને જાહેર રજાને દિવસે કચેરીમાં ફરજ પર બોલાવવામાં આવે ત્યારે વળતર રજા આપવા અંગેના સરકારી આદેશો આ વિભાગના તા. ૩૧મી માર્ચ, ૧૯૮૨ના પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૮૦-૧૪૬૬-ધથી કરવામાં આવેલ છે અને આ હુકમો સંકલિત રીતે બહાર પાડવામાં આવેલ છે. આ હુકમો સ્વયંસ્પષ્ટ છે અને તે મુજબ રાજ્ય સરકારના બધા વિભાગો, ખાતાં, કચેરીઓએ કાર્યવાહી કરવા આ આદેશોમાં વિનંતી કરવામાં આવી છે.

૨. ઉપરોકત આદેશો અસ્તિત્વમાં હોવા છતાં રાજ્ય સરકાર સમક્ષ એવી રજૂઆત થઈ છે કે કેટલાક ખાતા/કચેરીઓ દ્વારા આ હુકમોનું યોગ્ય પાલન થતું નથી અને સરકારી કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ પર બોલાવવામાં આવ્યા હોય છતાં કેટલાક કિસ્સાઓમાં તેમને મળવાપાત્ર વળતર રજાઓનો લાભ આપવામાં આવતો નથી. આ બાબત યોગ્ય નથી.

૩. આથી સચિવાલયના સર્વે વિભાગો, તેમની હસ્તકના ખાતાના વડાઓ અને કચેરીના વડાઓનું લક્ષ ઉપરોકત હુકમો પરત્વે દોરતાં તેઓને જણાવવાનું કે આ હુકમોનું પાલન પૂરેપૂરું કરવામાં આવે, તે માટે સરકાર આગ્રહી છે અને જો કોઈપણ કચેરી કે ખાતા તરફથી આ હુકમોના અનાદર અંગેની ફરિયાદ રાજ્ય સરકારને મળશે તો તે અંગે યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે. આથી સંબંધિત સર્વેને વિનંતી કરવામાં આવે છે કે વળતર રજા અંગેના આદેશોનું યોગ્ય પાલન થાય તે અંગે બધા જ વિભાગો, ખાતા અને કચેરીઓ કાળજીપૂર્વક કાર્યવાહી કરે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દિ. ચં. અંતાણી,**
નાયબ સચિવ (પ્રોટો)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
બધા મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,
બધા નાયબ મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતા અને કચેરીઓના વડાઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.

*પત્ર દ્વારા.